National Achievement Survey - Class III

# ભાષા ધોરણ-૩

**પ્રશ્નાવલિ ભરાવનાર ફિલ્ડ ઈન્વેસ્ટીગેટરે નીચેની બાબતો જાતે અંગ્રેજીમાં ભરવી.**

| | |
|---|---|
| કસોટી કોડ 1 1 | માધ્યમ કોડ |

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ : ______ (લાગુ પડતું હોય ત્યાં ✔ કરો) | વિદ્યાર્થી નં. કુમાર કન્યા |
| રાજ્યનું નામ : ______ | રાજ્ય કોડ |
| જિલ્લાનું નામ : ______ | જિલ્લા કોડ |
| શાળાનું નામ અને સરનામું : ______ | શાળા કોડ |
| શાળાનો વિસ્તાર : (લાગુ પડતું હોય ત્યાં ✔ કરો) | ગ્રામીણ શહેરી |
| કસોટી ભરાવનારનું નામ : ______ (ફિલ્ડ ઈન્વેસ્ટીગેટરનું) | સહી : |

**ફિલ્ડ ઈન્વેસ્ટિગેટર માટે સૂચનાઓ :**

- કસોટી પુસ્તિકા વહેંચતાં પહેલાં બધી જ વિગતો પૂરેપૂરી ભરો.
- બધી જ વિગતો ભરવી ફરજિયાત છે અને તે માત્ર અંગ્રેજી ભાષામાં હોવી જોઈએ. બધા જ કોડ આંતરરાષ્ટ્રીય અંકોમાં લખો. જેમ કે. 1, 2, 3...
- પ્રશ્નો મોટેથી અને ધીમી ગતિએ વાંચો. જેથી વિદ્યાર્થીઓ સમજી શકે. જો જરૂર જણાય તો પ્રશ્ન માત્ર એક જ વાર ફરીથી વાંચો.
- પ્રશ્નોના જવાબો વિદ્યાર્થીઓને પોતાની રીતે આપવા દો.
- વિદ્યાર્થીઓને જવાબ લખવા માટે અંદાજે બે મિનિટ સમયગાળો આપો.
- એક પછી એક એમ છેલ્લા પ્રશ્ન સુધી આ મુજબ કરો.
- સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૯૦ મિનિટનો સમય લો.
- વિદ્યાર્થીઓને પ્રશ્નોના જવાબ આપવા માટે કોઈપણ મદદ કરવી નહીં કે કોઈ સંકેત આપવો નહીં.
- સાચા જવાબના ક્રમ ઉપર વિદ્યાર્થીઓને ◯ કરવા કહો.
- કસોટી પૂર્ણ થયા બાદ બધા જ વિદ્યાર્થીઓ પાસેથી કસોટી પુસ્તિકાઓ એકત્ર કરો.
- વિદ્યાર્થીઓને આપેલા ક્રમ અનુસાર કસોટી પુસ્તિકાઓ ચડતા ક્રમમાં ગોઠવો.
- વિદ્યાર્થીઓની હાજરીના પ્રમાણમાં વિદ્યાર્થીઓની કસોટી પુસ્તિકાઓ છે તેની ખાતરી કરો.


विद्यया ऽ मृतमश्नुते

एन सी ई आर टी
NCERT

**રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**

National Council of Educational Research and Training

**શૈક્ષણિક સર્વેક્ષણ વિભાગ**

2012

# શ્રવણ કૌશલ્ય

૧-૬. વાર્તા સાંભળ્યા પછી, નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબના ક્રમ ઉપર ◯ કરો.

૧. ધનરાજની શાળા થોડા દિવસો શા માટે બંધ રહી હતી ?

(૧) ઉનાળુ વૅકેશન શરૂ થયું હતું.

(૨) ખૂબ જ વરસાદ પડતો હતો.

(૩) શાળાના મકાનનું સમારકામ ચાલતું હતું.

૨. ધનરાજ દરજી પાસે શું સીવડાવવા ઈચ્છતો હતો ?

(૧) ખમીસ

(૨) કુર્તો

(૩) પાયજામો

૩. ધનરાજે પોતાનું ખમીસ ઉંદરોથી બચાવી રાખવાનું દરજીને શા માટે કહ્યું ?

(૧) ઉંદર ખમીસ ગંદુ કરી નાખશે માટે

(૨) ઉંદર ખમીસને કાતરી નાખશે માટે

(૩) ઉંદર ખમીસને ખેંચી જશે માટે

૪. ધનરાજ ખમીસ શા માટે જલદી માગતો હતો ?

(૧) તેની શાળા ખુલી ગઈ હતી માટે

(૨) ખૂબ જ વરસાદ પડતો હતો માટે

(૩) ઉંદરે તેના શર્ટને કાતરી નાખ્યું હતું માટે

૫. દરજીએ ઉંદરોએ કાતરેલા શર્ટને કઈ રીતે બરાબર કરી આપ્યું ?

(૧) તેને કાપીને

(૨) ખમીસને નાનું બનાવીને

(૩) કાણા પાડેલા ભાગને સાંધી આપીને

૬. ધનરાજનું ખમીસ નવું પણ લાગતું હતું અને જૂનું પણ લાગતું હતું શા માટે ?

(૧) નવા ખમીસને સાંધવામાં આવ્યું હતું માટે

(૨) નવું ખમીસ જૂના ખમીસના માપનું જ હતું માટે

(૩) ખમીસ જૂના કપડામાંથી બનાવવામાં આવ્યું હતું માટે

# ચિત્રો ઓળખો

૭-૧૨. ચિત્રો જુઓ અને ચિત્રના સાચા નામને ઓળખો. ત્યારબાદ સાચા જવાબના ક્રમ ઉપર ○ કરો.

| | |
|---|---|
| ૭.<br>૧. પક્ષી<br>૨. માછલી |  |
| ૮.<br>૧. દડો<br>૨. ઢીંગલી |  |
| ૯.<br>૧. ટામેટું<br>૨. બટાકું |  |
| ૧૦.<br>૧. પ્યાલો<br>૨. કપ |  |
| ૧૧.<br>૧. ટેબલ<br>૨. ખુરશી |  |
| ૧૨.<br>૧. ઝાડ<br>૨. પાંદડું |  |

૧૩-૧૮ જાહેરાત વાંચો અને આપેલા પ્રશ્નોના સાચા જવાબના ક્રમ ઉપર ◯ કરો.

# સુપર બજાર

**સસ્તામાં સસ્તા ભાવે**

**તાજાં ફળ અને શાકભાજીનું**

**વેચાણ હાલ ચાલુ છે.**



૧ કિલોના રૂ. ૨૦

**કેળાં**



૧ કિલોના રૂ. ૫૦

**સફરજન**



૧ કિલોના રૂ. ૪

**બટાકા**



૧ કિલોના રૂ. ૬

**મૂળા**



૧ કિલોના રૂ. ૧૨

**ફૂલાવર**



૧ કિલોના રૂ. ૭૦

**દ્રાક્ષ**



૧ કિલોના રૂ. ૩૦

**નારંગી**

**અઠવાડિયાના બધા જ દિવસે બજાર ખુલ્લું રહે છે**

૧૩. સસ્તામાં સસ્તું ફળ ક્યું છે ?

(૧) સફરજન

(૨) નારંગી

(૩) કેળાં

૧૪. સૌથી મોંઘી શાકભાજી કઈ છે ?

(૧) ફૂલાવર

(૨) મૂળા

(૩) બટાકા

૧૫. સુપર બજારમાં શું વેચાય છે ?

(૧) ચાર શાકભાજી અને ત્રણ ફળ

(૨) ત્રણ શાકભાજી અને ચાર ફળ

(૩) પાંચ શાકભાજી અને બે ફળ

૧૬. ક્યા ફળનો ભાવ સફરજનના ભાવ કરતાં વધારે છે ?

(૧) કેળું

(૨) દ્રાક્ષ

(૩) નારંગી

૧૭. કઈ બે વસ્તુઓના ભાવ એક સરખા છે ?

(૧) નારંગી અને કેળાનો

(૨) ફૂલાવર અને નારંગીનો

(૩) મૂળા અને બટાકાનો

૧૮. સુપર બજાર કેટલા દિવસ ખુલ્લું રહે છે ?

(૧) અઠવાડિયામાં પાંચ દિવસ

(૨) અઠવાડિયામાં છ દિવસ

(૩) અઠવાડિયામાં સાત દિવસ

## વાચન

**૧૯-૨૪. નીચેનો ફકરો વાંચો અને પ્રશ્નના સાચા જવાબના ક્રમ ઉપર ◯ કરો.**

તમે બધાંએ પતંગિયાં તો જોયાં જ હશે. તમને ખબર છે કે આ પતંગિયું ક્યાંથી આવે છે ?

માદા પતંગિયું પાંદડા ઉપર કે છોડ ઉપર ઈંડું મૂકે છે. આ ઈંડામાંથી નાની ઈયળ બહાર આવે છે. આ ઈયળ પાંદડાં ખાય છે અને મોટી થાય છે. ત્યારબાદ ઈયળ પોતાની જાતે પાન સાથે જોડાઈને મોટો કોશેટો બનાવે છે. આ એક પ્રકારનું આવરણ છે જે બીજાં પ્રાણીઓથી તેને રક્ષણ આપે છે. કોશેટાની અંદર તેના પગ અને પાંખની વૃદ્ધિ થાય છે.

છેલ્લે કોશેટો ખુલે છે અને નવું સુંદર પતંગિયું બહાર આવે છે. તે ધીરેથી પોતાની પાંખો ખોલે છે અને ઊડી જાય છે.

૧૯. ઈયળ શામાંથી બહાર આવે છે ?

(૧) પાંદડામાંથી

(૨) ઈંડામાંથી

(૩) કોશેટામાંથી

૨૦. ઈયળ શું ખાય છે ?

(૧) કોશેટો

(૨) પાંદડાં

(૩) ઈંડાં

૨૧. કોશેટો ........... એક પ્રકાર છે.

(૧) છોડનો

(૨) આવરણનો

(૩) પતંગિયાનો

૨૨. ઈયળ કોશેટો શા માટે બનાવે છે ?

(૧) ઈંડાંને બચાવવા માટે

(૨) પોતાનું રક્ષણ કરવા માટે

(૩) પાંદડાં ખાવા માટે

૨૩. કોશેટોની અંદર શું થાય છે ?

(૧) ઈયળમાંથી પતંગિયું બને છે.

(૨) ઈયળ પાંદડાં ખાવાનું ચાલુ રાખે છે.

(૩) ઈયળ મોટી થાય છે.

૨૪. પતંગિયાના જીવન ચક્રનો સાચો ક્રમ કયો છે ?

(૧) ઈંડું - કોશેટો - ઈયળ - પતંગિયું

(૨) ઈંડું - ઈયળ - કોશેટો - પતંગિયું

(૩) ઈયળ - ઈંડું - કોશેટો - પતંગિયું

## લેખન

૨૫. આપેલા વિષય ઉપર ચાર વાક્યો લખો.

**'પંખી'**